# 55

**અમદાવાદ અને વડોદરા જિલ્લામાં અનાજનો જથ્થો સગેવગે કરવા બાબત**

***15/4/1678 શ્રી શૈલેષ મનુભાઈ પરમાર** (દાણીલીમડા)**: માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે,-**

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ અને વડોદરા જિલ્લામાં જિલ્લાવાર સસ્તા અનાજની દુકાનેથી વિતરણ કરવાનો કયા પ્રકારનો કેટલી રકમનો કેટલો અનાજનો જથ્થો બારોબાર વેચાણ કે ગેરકાયદે સગેવગે કરી દેવામાં આવ્યો હોવાનું પકડવામાં આવ્યું,

**જવાબ**

(૧)

| જિલ્લાનું નામ | કબ્જે લીધેલ જથ્થો | | |
|---|---|---|---|
| | જણસી | જથ્થો (કિ.ગ્રા.) | કિંમત (રૂ.પૈસા) |
| **અમદાવાદ** | ઘઉં | ૧૬,૪૩૧ | ૨,૦૯,૯૩૭ |
| | ચોખા | ૧૧,૦૦૪ | ૫૬,૫૫૦ |
| | **કુલ** | **૨૭,૪૩૫** | **૨,૬૬,૪૮૭** |
| **વડોદરા** | ઘઉં | ૨,૬૦૦ | ૧,૦૮,૫૦૦ |
| | ચોખા | ૨૩,૮૫૦ | ૬,૮૦,૫૧૮ |
| | **કુલ** | **૨૬,૪૫૦** | **૭,૮૯,૦૧૮** |

(૨) ઉક્ત સસ્તા અનાજનો જથ્થો બારોબાર વેચાણ કરવામાં કેટલા ઇસમો સંડોવાયેલા છે, અને

(૨) ઉક્ત સસ્તા અનાજનો જથ્થો બારોબાર વેચાણ કરવામાં ૧૩ ઇસમો સંડોવાયેલા છે.

(૩) તેની સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

(૩) ઉક્ત ૧૩ ઇસમો સામે પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવી. જે પૈકી

(૧) **અમદાવાદ** ખાતેના ૫ ઇસમો સામે પીબીએમ એક્ટ (પ્રીવેન્શન ઓફ બ્લેક માર્કેટીંગ) હેઠળની કાર્યવાહી કરવામાં આવેલ છે. તથા ૧ દુકાનનો પરવાનો મોકુફ કરવામાં આવેલ છે.

(૨) **વડોદરા** ખાતેના ૮ ઇસમો દ્વારા નામદાર ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ ખાતે કેસ દાખલ કરેલ છે જે ચાલુમાં છે. તથા ૩ દુકાનોનો પરવાના મોકુફ કરવામાં આવેલ છે.